જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૫/૧૦/૨૦૨૩  બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૭૫૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૭૭ લીટર દેશી દારૂ, ૫૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૩૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૭ બિયર ટીન ૦૧ કાર અને ૨ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી, ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૪૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૭૫૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડી  સમાચાર યાદી નં.૧૭૫૪/૨૦૨૩

**વટવા જીઆઇડીસી**: તુષારભાઇ ચીમનભાઇ સાવજ (ઉ.વ.૨૩)(રહે.પતંજલી સોસાયટી, ગાયત્રી સ્કુલ પાસે, ખોડીયારનગર) એ તા.૨૪/૧૦/૨૦૨૩ ના રોજ વટવા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૭/૨૦૨૩ બપોરના ૨/૦૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન વટવા જી.આઇ.ડી.સી. નેશનલ રાફઇલની સામે, ફેઝ-૧, પુષ્કર એસ્ટેટ-૨ ખાતે તુષારભાઇ તેઓની “રાજ કેમીકલ્સ કંપની”માં ટોયલેટ કલીનરની પ્રોડક્ટનું ઉત્પાદન કરી “ઇન્ડીયા માર્ટ” પોર્ટલ ઉપર મુકી વેચાણ સારૂ મુકેલ હોય આરોપી મોબાઇલ નંબર ૯૬૬૨૪૫૪૦૬૫ તથા મોબાઇલ નંબર ૭૦૪૩૧૩૭૩૩૧ થી તુષારભાઇ તથા તેમના પાર્ટનરના મોબાઇલ ફોન ઉપર સંપર્ક કરી, ટોયલેટ કલીનરની બોટલ કુલ નંગ-૩૦૦૦ કુલ કિંમત રૂપિયા ૧,૫૯,૪૫૯/- નો ઓર્ડર આપી માલ મેળવી લઇ, આર.ટી.જી.એસ. થી પેમેન્ટ મોકલી આપવાનું જણાવ્યા બાદ પેમેન્ટનો ચેક કુરીયર મારફતે મોકલી આપતા તે ચેક રીટર્ન થતા જી.એસ.ટી. સર્ટીફીકેટ આધારે આરોપીના સરનામે તપાસ કરતાં કોઇ ઓફીસ નહિ ધરાવી તેમજ મોબાઇલ ફોન નહિ ઉપાડી આજદીન સુધી પેમેન્ટ નહિ આપી તુષારભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઈ.મકરાણી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૫૫/૨૦૨૩**

**બોડકદેવઃ** સિંધુભવન રોડ ગ્રીન ફીલ્ડ સોસાયટી સામે પી.એસ.પી.પ્રોજેક્ટ લી.કંપનીની લેબર કોલોનીમાં રહેતા અજય સ/ઓ બાબુ જાટવ (ઉ.વ.૨૧) (મુળ વતન. ગામ-આયલા, તા-ખેરાગઢ જી-આગ્રા ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૦/૨૦૨૩ સવારના ૫/૩૦ વાગ્યા પહેલા પી.એસ.પી.પ્રોજેક્ટ લી. કંપનીની લેબર કોલોનીમા રહેણાંક ખાતે છતની લોખંડની પાઈપ સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નારસીંહભાઇ દેવાભાઇ ચલાવે છે.

**રામોલઃ** દિવ્યાભાઇ ડો/ઓ સંતોષભાઇ તિવારી (ઉ.વ.૧૭)(રહે.મેઘનાપાર્ક સોસાયટી સુમીનપાર્ક પાસે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૦/૨૦૨૩ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે કાપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મણીલાલ ચંદુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી